<u>અમદાવાદના મે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૦</u>

CRI.CASE NO. 74836/19

બી.પી.એકટ કલમઃ ૧૩૫ અન્વયે આરોપીની ગુના કબુલાતની અરજી આંક.............નીચેનો હુકમઃ

(૧) ચાર્જસીટ તથા સાથેના પેપર્સ, આરોપીની ગુનાની કબુલાત વંચાણે લીધી. આરોપી/આરોપીઓના વ.શ્રી.ને સાંભળ્યા. આરોપી સામે બી.પી.એકટ કલમઃ૧૩૫ મુજબના ગુનાનું તહોમત આ અદાલતમાં રજુ કરવામાં આવ્યું છે. આજરોજ આરોપી જાતે કોર્ટમાં હાજર તેની સામેના ગુનાનો સ્વીકાર કરી તે મતલબની પુરસીસ આપી છે. વધુમાં આરોપી તરફે રજુઆત કરવામાં આવે છે કે તેની સામેનો આ પ્રથમ ગુન્હો છે. અને અજાણતાથી ઈરાદા વગર ગુનો થયો છે. તેના પર તેના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. જેથી તેની પર દયા રાખી ઓછી રકમનો દંડ કરવા રજુઆત કરી છે.

(૨) આરોપીએ આજરોજ સ્વૈચ્છાએ ગુના કબુલાતની પુરસીસ આપી છે.આ તબકકે ધ્યાન લેવું જરુરી છે કે , કયારેક આરોપીઓ ન્યાયીક કાર્યવાહીમાં થતી વિલંબથી પોતાને થતી હેરાનગતી તથા નાણાંકીય વ્યય માંથી બચવા માટે પણ આરોપીઓ ગુનાની કબુલાત કરતા હોય છે. કાયદામાં ઠરાવેલી નિયત સજા કરવામાં આવે અને આરોપીને જેલમાં મોકલવામાં આવે તો શકય છે કે આરોપી જેલમાંના અઠંગ ,અને રીઢા ગુનેગારોની સોબત માં આવી જાય અને પરીણામે તે પણ તેમના જેવા ગુનેગાર બની જાય. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આ પ્રમાણેની સ્થિતિનું સર્જન ન થાય તેવી તકેદારી રાખવી તે પણ આ તબકકે જોવું જોઈએ તેમ મારું માનવું છે. આરોપીઓનો આ પ્રથમવારનો ગુનો અજાણતાથી થયો છે અને તે બદલ તેને પસ્તાવો થયો છે. આરોપીને કેદની સજામાં દયા રાખી ઓછી સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આરોપી સામેનો ગુનો, કાયદામાં ઠરાવેલી સજા , ગુનાની ગંભીરતા તથા તેની આર્થીક ,સામાજીક પરિસ્થિતિને તથા તેના કુટુંબની જવાબદારીને ધ્યાને લેતાં આરોપીને હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાય તેમ છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–: હુ ક મ :–

(૧) આરોપી/ઓ ને બી.પી.એકટ કલમઃ ૧૩૫ મુજબના ગુનામાં ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૫/૨૪૮(૨) મુજબ રુા.૧૦૦/–(અંકે રુપીયા.એકસો પુરા)દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દીનઃ.૨(બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પોલીસે કબજે કરેલ મુદ્દામાલ પાવતી અનુક્રમ નં.૨૯/૧૯ માં જણાવેલ મુદ્દામાલ નો અપીલ સમય પૂર્ણ થયે નાશ કરવો.

(૩) તે સિવાય મુદ્દામાલ પાવતીના અનુક્રમ નં........અંગે અગાઉ વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ આ હુકમથી કાયમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૪ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૧૪/૦૯ /૧૯

( ડી.કે.સોની )
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૦, અમદાવાદ.
*જી.જે.૦૦૭૨૯*